

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ભોગવ્યા 'ખાસ' કાયદા, હવે 'હિંદુસ્તાન' તંગ છે,*
*સાથે, છતાં નખ વેગળા, 'સમાનતા'નો જંગ છે.*
*અંગ છે અહીં છતાં ધબકે હૃદય પાકિસ્તાનમાં -*
*મહેબૂબાની ભાષાથી હિંદુસ્તાન આખું દંગ છે!*
*(35-A ને અડશો તો હાથ કાપી નાખશું, લે!!)*

### હાઈકુ

*અધુરું કાર્ય,*
*- આ છોટે સરદાર -*
*કરશે પૂરું...*
*(વિલિનીકરણનું...)*

*ચાહોમ કરી,*
*'લીલા' ને રંગી નાખો -*
*'ભગવા' રંગે...*
*(લાગે તો છે પૂર્વ તૈયારી!)*

### ચિંતન

**ન તત્ કર્મ કૃતં સાધુ યત્ કૃત્વા વ્યનુતપ્યતે ।**
**યસ્યાશ્રુમુખો રુદન્ વિપાકં પ્રતિસેવતે ॥**

ઉપરોક્ત શ્લોક ધમ્મપદ માંથી લેવામાં આવેલ છે.

એવું કામ કરવું સારું નથી જે કરીને પાછળથી પસ્તાવું પડે અને એનું પરિણામ આંસુની ધાર પાડતાં સહેવું પડે.

આપણે મોહ-માયાના આકર્ષણમાં આકૃષ્ટ થઈ ન કરવાના - અનીતિપૂર્વકનાં કાર્યો કરતા રહીએ છે આવાં કાર્યોનો અંત કદાપિ સારો આવતો નથી. પરિણામે અફસોસ-દુઃખ-બદનામી અને આંસુ જ મળતાં હોય છે.

માટે નીતીના માર્ગેથી ચલિત ન થવું જોઈએ એમાં જ શાંતિ અને સુખ છે.

### સુવિચાર

- જે માણસ પાસે વિદ્યા, તપ, દાન, જ્ઞાન, શીલ, ગુણ કે ધર્મ નથી તેઓ પૃથ્વી પર ભારરૂપ માણસની આકૃતિમાં પશુ સમાન છે - **મુનસ્મૃતિ**
- આગ પાણીથી, હાથી અંકુશથી, બળદ લાકડીથી, ગર્દભ ડફણાથી અને રોગ ઔષધિથી કાબુમાં લઈ શકાય છે પરંતુ મૂર્ખતાનો કોઈ ઉપાય નથી - **ભર્તૃહરિ**
- જે ખુદાના બંધા પ્રત્યે દયાળુ છે, ખુદા તેના પ્રત્યે દયાળું છે - **મહંમદ પયગંબર**
- વિવેકના નિયમો શીખી લીધા પછી જીવનમાં ન ઉતારવા એ ખેતર ખેડ્યા પછી વાવણી ન કરવા જેવી મૂર્ખાઈ છે - **શેખ સાદી**
- ઝાકળથી કૂવો ભરાયો નથી તેમ લાલચું માણસની તિજોરી કયારેય ધનથી ભરાતી નથી - **ચંદ્રકાન્ત મહેતા**
- હું ઈશ્વરથી ડરું છું અને ઈશ્વર પછી હું એવા માણસથી ડરું છું જે ઈશ્વરથી ડરતો નથી - **સંત ઓગસ્ટીન**
- આજનું ઔષધ : તુલસી અને સુરજ મુખીના પાન વાટી તેનો રસ પીવાથી બધી જાતના તાવ મટે છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ધનવાન શેઠે નોકરને કહ્યું, 'મારે નગર શેઠને અગત્યના કામે મળવા જવું છે માટે મારા જૂતા ચમકાવી આપ.' નોકરે જૂતા ચમકાવવામાં થોડો વધુ સમય લીધો અને શેઠનો ગુસ્સો આસમાને પહોંચી ગયો. નોકરે જેવા જૂતા શેઠ પાસે મૂક્યા ત્યાં તો શેઠ બીજા જૂતા પહેરીને ચાલતા થયા પણ પેલા નોકરને એ જૂતું જોરથી માથામાં ફટકારતા ગયા. નોકર તો બિચારો તમ્મર ખાઈ ગયો. થોડીક વાર પછી તે સ્વસ્થ થયો. અને મનમાં ઊંડો અપમાનનો ઘા અને કપાળમાં ઘા સાથે તે ચાલ્યો ગયો. તેને મનમાં વિચાર આવ્યો કે શેઠ આવે તો આ જ જૂતું એમના માથે ફટકારી બદલો લઈ લઉં. થોડો વિચાર કર્યા બાદ તેને યાદ આવ્યું કે શેઠ બૌદ્ધ સાધુ ભિક્ષુકોને ખૂબ માન આપે છે. એમના વચનોથી પ્રભાવિત છે. આથી તે બૌદ્ધિક ભિક્ષુ બનવા મઠમાં જોડાઈ ગયો. વર્ષો વિત્યા. મઠમાં રહીને નોકરમાં પરિવર્તન આવ્યું. ધ્યાન,જ્ઞાનથી ચહેરા પર તેજ પ્રગટ્યું. મનમાં હજી, બદલાની ભાવના પણ બાકી રહી હતી. પણ ભક્તિનો રંગ રંગાતું જતું મન હવે બદલો લેવાની ના પાડતું હતું. સમય જતા નોકરની વેરવૃત્તિ નાશ પામી. એવામાં પેલા ધનવાન શેઠ મઠમાં ભિક્ષુકોના દર્શને આવ્યા. તેમને જોઈ બૌદ્ધ ભિક્ષુ બનેલા નોકરે પ્રણામ કર્યા અને કહ્યું, 'શેઠ તમે, ગુસ્સામાં મને જૂતું માર્યું ન હોત તો મારું જીવન બદલાત નહિ. એ તમારી સજા નહિ, ઈનામ હતું.' શેઠે પગે પડી માફી માગી.

# ભાજપનું કોંગ્રેસીકરણ કયા સુધી

**તંત્રીસ્થાનેથી...**

સરકાર કેન્દ્રની હોય, કર્ણાટકની હોય કે ગુજરાતની દરેક સ્તરે પાટલીબદલુઓને સમાવી મૂળ પક્ષના ધારાસભ્યોને અન્યાય થતો જોવા મળી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે દેશને કોંગ્રેસમુક્ત કરવો એ કદાચ એમની ટોપ પ્રાયોરિટી હશે, એથી યેનકેન પ્રકારેણ એમને શરૂથી જ અસંતુષ્ટ કોંગ્રેસી આગેવાનો માટે ભારતીય જનતા પાર્ટીનાં દ્વાર ખુલ્લાં મૂકી દીધાં હતાં. પરંતુ એથી ખરેખર તો ઊલટાની ભાજપ શાસિત સરકારો 'કોંગ્રેસયુક્ત' થતી ચાલી છે. ગુજરાત સરકારમાં જ કૅબિનેટ મંત્રી બનાવવાની શરતે કોળી આગેવાન કુંવરજી બાવળિયાને અને આહીર સમાજના લોકપ્રિય નેતા જવાહર ચાવડાને અને એમના પણ પહેલાં વિઠ્ઠલ રાદડિયા જેવા લોકપ્રિય લેઉઆ પાટીદાર નેતાના પુત્ર જયેશ રાદડિયાને રાજ્ય સરકારમાં સીધા જ કૅબિનેટમંત્રી તરીકે સામેલ કરી દેવાયા છે. હવે અલ્પેશજી ઠાકોર એમના વારાની રાહ જોઈ રહ્યા છે. કર્ણાટકમાં લાલચુ કોંગ્રેસી ધારાસભ્યોને પાર્ટીના વ્હીપનું ઉલ્લંઘન કરી ગેરહાજર રહેવા પ્રેરીને યેદિયુરપ્પાને વિધાનસભા ગૃહમાં બહુમતી ઉપબબ્ધ કરાવવાનો રાજકીય ખેલ હોય કે હવે પછી કોંગ્રેસની મધ્યપ્રદેશ સરકારમાં કમળ ખીલવવાનું રાષ્ટ્રીય મહામંત્રી કૈલાસ વિજયવર્ગીયનું સપનું હોય - આમાં નૈતિક મૂલ્યો નેવે મૂકીને સત્તા હાંસલ કરવાની જ રાજનીતિ છે, એટલું તો છેવાડાનો મતદાતા પણ સમજી શકે એમ છે. દેશના રાજકારણમાં ધ્રુવીકરણ શરૂ થયું છે તે જોતાં કોંગ્રેસીઓ સહિત અન્ય પ્રાદેશિક પાર્ટીઓના મહત્ત્વાકાંક્ષી નેતાઓને ધસારો શાસક ભારતીય જનતા પાર્ટી તરફ રહ્યા કરે તે સ્વાભાવિક છે. એમાં નૈતિકતાને નેવે મૂકવાના મુદ્દે કોના તરફ આંગળી ચીંધવી તે પ્રશ્ન જ રહેશે. જો કે આટલી પ્રચંડ બહુમતી મેળવ્યા પછી જો ભારતીય જનતા પાર્ટીએ પક્ષપલટા કરાવવાના રાજકારણને તિલાંજલી આપી શુદ્ધ લોકશાહી ઢબે વર્તવાનું રાખ્યું હોત તો પ્રજામાં એની છાપ ખરેખર અટલ-અડવાણીની કલ્પના મુજબની 'પાર્ટી વિથ ડિફરંસ' બની રહી હોત એમાં શંકાને સ્થાન નથી. નેશનાલિસ્ટ કોંગ્રેસના પ્રમુખ શરદ પવારે શાસક પક્ષ ઈડી અને ઈનકમટૅક્સ કે સીબીઆઈનો ડર બતાવી વિપક્ષી આગેવાનોને ભાજપમાં પ્રવેશ કરવા મજબૂર કરતો હોવાનો આક્ષેપ કર્યો છે. અગાઉ એમણે એનસીપી, તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસના વિલયનો પ્રસ્તાવ પણ મૂકેલો, જેનો કોઈ સાનુકૂળ પ્રતિસાદ આજપર્યંત સાંપડેલ નથી. ભારતીય જનતા પાર્ટીનું એકચક્રી શાસન અને વિપક્ષનો સંપૂર્ણ સફાયો લોકશાહીના હિતમાં નહીં હોવાનું નિવેદન ખુદ ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ કર્યું હતું. કોંગ્રેસ હજી એનું ઘર સરખું કરી શકી નથી. પંજાબના મુખ્યમંત્રી અમરિંદરસિંહ અને કેરળના સાંસદ શશી થરૂરે પ્રિયંકા ગાંધીને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ માટે લાયક ગણ્યાં છે. જો કોંગ્રેસની ગાંધી પરિવારની ભક્તિ યથાવત જ રહેશે તો પરિવારવાદના સકંજામાં ફસાયેલી પાર્ટી માટે મોદીના પ્રભાવક નેતૃત્વ સામે પડકાર ઊભો કરવાનું વધુ અઘરું બની રહેશે.

# માનવ ધર્મ બજાવ્યાનો આનંદ લઈએ ત્યારે અજવાળા રેલાય



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

'અંકલ, એક કામ કરો, અત્યારે મારા બીલમાં આમના ૨૦ રૂપિયા તમે ઉમેરી દો અને પૈસા લઈ લો... રચનાએ મેડિકલ સ્ટોરના માલિક જે એના પરિચિત હતા તેમને કહ્યું.... અને સાથે સાથે પેલા બહેન, જેમણે વીસ રૂપિયા આપવાના હતા એમને કહ્યું, 'તમે ચિંતા ન કરો... હવે જાવ.... તો પેલા બહેન કહે, ' ના, એમ ના હોય...' એટલે ફરી રચનાએ કહ્યું, 'હું સમજું છું તમારી પાસે પૈસા તો છે જ, અચ્છા હવે એક કામ કરો, જયારે પણ આ તરફ નીકળો ત્યારે આ અંકલને ત્યાં આ ગૌ-દાન માટેનો ગલ્લો છે, તેમાં ૨૦ રૂપિયા નાખી દેજો બસ... અત્યારે તમારો સમય સચવાઈ એ મહત્ત્વનું છે.'

વાત એમ હતી કે એ પોતાના ઘરના સભ્યો માટેની દવા લેવા ગઈ હતી. ઘરની નજીકનો મેડિકલ સ્ટોર હતો, જેના માલિક એના ડેડીના મિત્ર હતા. દરમિયાન એક મહિલા એના સાસુ સાથે કોઈ દવા લેવા આવી. દવા લીધા બાધ પૈસાનું પૂછ્યું તો દુકાનદારે કહ્યું વીસ રૂપિયા.. હવે આની પાસે હતી બે હજારની નોટ... ને છુટ્ટા પાંચ રૂપિયા... ઉતાવળમાં ઘરેથી નીકળ્યા હશે... જે કાંઈ નાની નોટ હતી તે ડૉક્ટરને ત્યાં આપી દીધી કારણ કે ત્યાં પણ બે હજારના છુટ્ટાની રકમ ના મળી.

ખરીદનાર અજાણ્યા હતા એટલે દુકાનદાર બાકી ના રાખે એ સમજાય એવું હતું ને એની પાસે પણ છુટ્ટા નહિ હોય... પેલી બહેન આસપાસમા બે-ચાર દુકાને પુછી આવી પણ છુટ્ટા મળ્યા નહિ... હવે શું કરવું એની વિસામણ અનુભવતી હતી... આ દૃશ્ય રચનાએ જોયું હતું... ઘરમાંથી પરમાર્થના - પરોપકારના - સન્માન સાથે કોઈ જરૂરિયાતમંદને મદદ કરવાના સંસ્કારો મળ્યા હતા એટલે લેખના આરંભે લખેલો સંવાદ તેણીએ દુકાનદાર અને પેલા બહેન સાથે કર્યો હતો.

આ ઘટના ઘરે આળીને એના ડેડી - મમ્મીને કહી ત્યારે સહુ રાજી થયા... એની પીઠ થાબડી અને એના ડેડીએ વળી પોતાનો અનુભવ કહ્યો. એ ઘણીવાર લોકલ એરિયાની શટલ રીક્ષામાં મુસાફરી કરે.... એકવાર ૮ વાગે એમના ફલેટના મેઈન રોડ પરથી એક શટલ રીક્ષામાં બેસીને જવા નીકળ્યા... રીક્ષા ખાલી જ હતી. આગલા સ્ટોપ પર એક કાકા રીક્ષા પાસે આવ્યા... કહે મારે શાક માર્કેટ સુધી જવું છે... પેલો કહે છુટ્ટા પાંચ રૂપિયા હોય તો જ બેસજો. કાકા કહે, 'ત્રણ રૂપિયા છે... એટલે રીક્ષાવાળાએ કીધું તો રહેવા દ્યો.... રચનાના ડેડીને થયું 'બે રૂપિયા હું આપી દઈશ.... એટલે પેલા કાકાને કહ્યું, 'બેસી જાવ, હું આપી દઉં છું..' એ બેસી ગયા... એમના સ્ટોપ પર આભાર માની ઊતરી ગયા. એમના ઉતર્યા પછી રીક્ષાવાળાએ કહ્યું, 'ભાઈ, તમે આમને ઓળખો છો ? તો કહે હા, મારી સોસાયટીમાં જ એમનો ફલેટ છે... પોતાનો છે ? તો કહે હા... હવે તમને કહું અમેય આવા કિસ્સામાં બે-પાંચ રૂપિયા જવા દઈએ છીએ... પણ આમનો સ્વભાવ છે,આદત... રોજ આમ કરે છે... બપોરે પાછા ફરતા પણ આમ જ કરશે... બધા રીક્ષાવાળા આમને ઓળખી ગયા છે... પૈસા હોવા છતાં એમની આવી માનસિકતા છે...' હશે ભાઈ, એના કર્મો એ જાણે એમ કહીને હું તો મારા સ્ટોપે એમના ને મારા પૈસા આપીને ઊતરી ગયો...' ડેડીએ રચનાને કહ્યું.

કેવા કેવા માણસોને કેવા કેવા સંજોગો !!! કેવી કેવી ઘટનાઓ આપણી આસપાસ બનતી જ રહે છે... સમય - સંજોગ અનુસાર સહુ વર્તન કરતા હોય છે. કેટલીયેવાર કોઈને મદદ કર્યાનો આનંદ અને કેટલીયેવાર કયાંક છેતરાયાની વેદના અનુભવવા મળે છે. પરંતુ સરવાળે પાઘડીનો વળ છેડે એ ન્યાયે આપણે આપણો સ્વભાવ ના છોડીએ, આપણે આપણા ભાગે આવેલું પરમાર્થનું - પરોપકારનું કાર્ય કરીએ એ વધુ મહત્ત્વનું છે. માણસાઈ પર ભરોસો રાખીને જયારે જયારે આવી રીતે માનવ ધર્મ બજાવ્યાનો આનંદ લઈએ ત્યારે અજવાળા રેલાય છે.

# ગરજ બરસ પ્યાસી ધરતી પર ફિર પાની દે મૌલા

**ગરજ બરસ પ્યાસી ધરતી પર ફિર પાની દે મૌલા**
**ચિડિયોં કો દાને, બચ્ચો કો ગુડ-ધાની દે મૌલા**
**ગરજ બરસ પ્યાસી ધરતી પર ફિર પાની દે મૌલા....**
**દો ઔર કા જોડ હમેશા ચાર કહાં હોતા હૈ ?**
**સોચ સમજ વાલો કો થોડી નાદાની દે મૌલા**
**ચિડિયોં કો દાને...**
**ફિર મૂરત કે બાહર આકર ચારોં ઓર બિખર જા**
**ફિર મન્દિર કો કોઈ મીરા દિવાની દે મૌલા**
**ચિડિયોં કો દાને...**
**તેરે હોતે કોઈ કિસી કી જાન કા દુશ્મન ક્યોં હો**
**જીને વાલો કો મરને કી આસાની દે મૌલા**
**ચિડિયોં કો દાને બચ્ચો કો ગુડ-ધાની દે મૌલા...**

**- નિદા ફાઝલી**

સ્વ. જગજિતસિંહના મખમલી અવાજમાં ગવાયેલી આ ગઝલ વર્ષોથી મનપસંદ પ્લે લિસ્ટમાં સ્ટોર છે, અને અત્યારે જયારે આ ગોરંભાયેલું આકાશ, આ વાતાવરણમાં બફારો આપણને મૂંઝવી રહ્યો છે, વરસાદના આગમનની આશામાં ચાતકની જેમ જગતનો તાત ઓશિયાળી નજરો સાથે મીટ માંડીને બેઠો છે, ત્યારે વળી પાછી આ ગઝલ તેની મેળે જ મગજના એમ.પી.થ્રી પ્લેયરમાં વાગી ઊઠી.

મર્હૂમ નિઝા ફાઝલી સાહબની કલમે લખાયેલ આ નઝમ આપણા સૌની હૃદયની ઊર્મિઓને વાચા આપી રહી છે.

જરાક વિચાર કરો, તમારી અને મારી માટે તો વરસાદનું ન આવવું એ માત્ર ઉકળાટ સહન કરવા બરાબર જ છે. બફારાથી ત્રસ્ત થયેલા આપણે ઠંડક મેળવવા માટે વરસાદની રાહ જોઈએ છીએ...

વધુમાં વળી ઘરના હોમ મિનિસ્ટરને વરસાદ ઓછો થવાથી મોંઘવારી વધી જવાની ભીતિ વચ્ચે ઘરનું બજેટ ખોટકાઈ જવાની ચિંતા છે.

સ્કૂલમાં જતા બાળકોને જુલાઈ મહિનો પસાર થઈ જવા આવ્યો હોવા છતાં હજી સુધી વરસાદના કારણે સ્કૂલમાં અનાયાસ યકાયક રજા નથી પડી, તેની અકળામણ થાય છે.

રેઈનકોટ અને છત્રીના વેપારીને હજુ સુધી જોઈએ તેવો વકરો નથી થયો તેની અકળામણ છે. છત્રી-રેઈનકોટનો સિઝનલ વેપારી હવે શ્રાવણની કોઈ ભક્તિ આઈટમ વેંચવાની યોજના બનાવવા માંડ્યા છે.

આપણા બધાની અકળામણ તેની જગ્યાએ ઠીક છે, પરંતુ કિસાન કે જે ધરતી પર દાણા નાખીને તેના અંકુરિત થવા પર જ આખુ વરસ તેના ભરોસે જ પેટિયું રળવાનો છે, તે કિસાન તો તેની અકથ્ય મૂંઝવણ કોને કહે !

આપણે તો અહીંનું તહીં કરીને ચલાવી લઈશું. પરંતુ ખેડૂત કે જે પાણીની આશામાં બેબાકળો બન્યો છે, તે તો ચોક્કસ પણે અત્યારે દૈનિક પ્રાર્થનાની જેમ આ ગઝલ ગાતો હશે.

ઈતિહાસ સાક્ષી છે કે આ દેશનો સરેરાશ નાનો (મહેનતકશ) વ્યક્તિ વધુ ઈમાનદાર છે અને તે જ વ્યક્તિ કહી રહ્યો છે કે, 'સોચ સમજ વાલો કો થોડી નાદાની દે મૌલા.'



## વિચારયાત્રા

ડો. જય ઓઝા

હંમેશા ગણતરી કરીને જીવતા ગણતરી બાજ માણસોને ઈશ્વર શીખવે કે હંમેશા બે વત્તા બે ચાર નથી થતા. દુનિયા માત્ર ગણિત કે માત્ર વ્યાપાર નથી. આ સંસાર લાગણીથી સંવેદનાઓથી ચાલે છે. જયાં થોડું જતું કરીને નુકશાન વેઠી લેનારો વ્યક્તિ પણ આનંદ અને ખુશી પ્રાપ્ત કરી શકે છે.

પરંતુ આપણે બિલકુલ ઊંધા છીએ, સોનીને ત્યાં હજારો રૂપિયાનું સોનું લેવા જઈએ ત્યારે કે પછી મોંઘીદાટ કારના શૉરૂમમાં જઈએ ત્યાં ભાવતાલ નથી કરતા પણ, રોજે રોજનું શાક લાવીને જે ફેરિયો શાકભાજી વેંચતો હોય છે,તેની જોડે રૂપિયાનો કસ કાઢતા હોઈએ છીએ. બે અને બે ચાર બચાવવાની ગણતરી આપણી નાના વ્યક્તિઓ સાથે ભાવતાલ કરવામાં આવે, પરંતુ મોટા શૉરૂમમાં તો ભાવતાલ કરાવીએ તો કેવા લાગીએ ! એવા મિથ્યાભિમાનમાં રાચતા આપણે કેવી ગણતરી કરીએ છીએ! બસ ઈશ્વરને એ જ પ્રાર્થના કરવાની છે કે આવા ગણતરી કરનારા લોકોને થોડી નાદાની આપી દે.

ઈશ્વર માત્ર પથ્થરની મૂરત બનીને મંદિરમાં પડી રહેશે તો શા કામની ? વરસાદના ફોરા બનીને વર્ષાની છાલક બનીને હે ઈશ્વર તું સમગ્ર પૃથ્વી પર રેલાઈ જા.

ઈશ્વરનું ઈશ્વરત્વ આમ પૃથ્વી પર, માણસો પર વિખરાઈ જવામાં છે, રેલાઈ જવામાં છે, જયારે માણસોની પણ અભિવ્યક્તિ એ હોવી જોઈએ કે તે આ રેલાઈ જતા ઈશ્વરના કણ કણનો અનુભવ કરે, વરસાદ એ માત્ર આકાશમાંથી કાળા વાદળો બંધાઈને પાણી પડવાની વૈજ્ઞાનિક ક્રિયા નથી ! વરસાદ તો ઈશ્વરનો સાક્ષાત્કાર છે. વરસાદ તો ઈશ્વરનો આપણને થતો સ્પર્શ છે.

વરસાદમાં પડતા પાણીના ફોરા, આપણને ભીજંવતા ઝાપટા - એ ઈશ્વરના આશીર્વાદની પ્રોમીસરી નોટ છે. આપણે આ ઈશ્વરીય ઘટનાને માત્ર સ્થૂળ વૈજ્ઞાનિક ઘટના સમજીને ભગવાનની અસીમ કૃપાનો અનાદર કરતા રહીશું તો, ચોક્કસ પણે ઈશ્વરને પણ મુક્ત મને વરસવાનું, આપણને સ્પર્શવાનું, આપણને આશીર્વાદ આપવાનું ગમશે નહીં.

પ્રકૃતિના દરેક તત્ત્વ ઈશ્વરના સાક્ષાત્કારની સાખી પૂરે છે, અને આપણે પ્રકૃતિને જ અવગણવા લાગ્યા છીએ. પશુ-પંખી, વૃક્ષ, જળાશય, નદી-નાળા, પર્વતો આ બધું ઈશ્વરદત્ત છે - તેવું માનીએ તે યોગ્ય નથી આ બધા તત્ત્વો સ્વયં ઈશ્વર જ છે, તે સ્વીકારવું પડશે. ચકલીઓને સવારે ચણ નાખીએ કે બાળકોને પીપરમીંટ વહેંચીએ, ગાયને રોટલી આપીએ કે કીડીને લોટ આપીએ, આ બધું ઈશ્વર તરફ જતું ચંદ્રયાનની સફર જેવું છે... સમજો તો ઈશ્વર હાથવગો છે... નહીંતર ચંદ્ર જેટલો છેટો છે... જેસી જિસકી સોચ...

- jayuoza@gmail.com
Mo.9898046488

# એણે ખુમારીથી કહ્યું, 'આ ગામ નહીં, ધામ છે...'

એપ્ટિટ્યૂડમાં ખુમારીનું સૌંદર્ય હોવુ જોઈએ. જીવનમાં સ્વભાવગત ખુમારીની સુંદરતા સમજાય તો સુખ અને એ ન સમજાય તો દુઃખ છે. સમજણથી ભરેલું જીવન સૌંદર્યથી લબાલબ હોય છે. મકાનો મોડર્ન



ડિઝાઈનવાળા સુંદર અને સવલતભર્યા હોઈ શકે, પરંતુ એમાં રહેવાવાળું ચરિત્ર કદરુપું હોય તો એ કેમ ચાલે ? સડકો વિશાળ હોય અને વિચારો સાંકડા હોય તો એ ન ચલાવી લેવાય. એક ભાઈ એમના કચેરીના કામે સૌરાષ્ટ્રમાં ગયા. ઓફિસ કામ પતાવીને ગીરના પ્રગાઢ જંગલ પ્રદેશમાં ગયા. અનેકના આસ્થાનું કેન્દ્ર એવું તુલસી શ્યામ અહીં પ્રગાઢ જંગલમાં છે. આ ભાઈ રાત્રે તુલસી શ્યામ મંદિરમાં રોકાયા. અહીં આસપાસ નાની મોટી ટેકરીઓ, ઊંચા ઊંચા ઝાડ, પંખીઓનો મધુર કલરવ વગેરે મનલુભાવન હોય છે. એમાંય એકાદ વરસાદ પછી તો તુલસી શ્યામનું સૌંદર્ય સોળે કળાએ ખીલી ઊઠતુ હોય છે. મળસ્કે ઉઠીને આ ભાઈ જંગલમાં લટાર મારવા નીકળ્યા.

મંદિર પરિસરની બહાર નૈસર્ગિક ગરમ પાણીના કુંડની પાસે નાની એવી બે-ચાર ચા-નાસ્તાની હોટલ છે. એમણે ત્યાં એક હોટલ ઉપર બેસી ચા-ગાંઠીયા મગાવ્યા. ચા પીતા એમણે હોટલ ઉપર ગાંઠીયા બનાવતા અઢારેક વર્ષના ફુટડા યુવાનને પૂછ્યું 'આ ગામની વસતી કેટલી ?' પેલા યુવાને ફટ દઈને કહ્યું 'આ ગામ કયાં છે આ તો ધામ છે.'

એ ભાઈ તો યુવાનનો આ જવાબ સાંભળીને રોમાંચિત થઈ ગયા. મનોમન વિચારવા લાગ્યા કે, જંગલમાં નાના એવા ગામડા ગામમાં રહેતા યુવાનની શું અદભુત ખુમારી છે ! એની સંસ્કારિતા અને સૌજન્યને સલામ છે. ગાંઠીયા બનાવતા વિશાલ નામના છોકરાનો એપ્ટિટ્યુડ ઉપર આફરીન થઈ ગયેલા પેલા ભાઈએ વળી વાતનો દોર આગળ ચલાવતા પૂછ્યું કે, 'તું કેટલું ભણ્યો છે દોસ્ત?' વિશાલે જવાબ આપ્યો 'ખાસ કંઈ ભણ્યો નથી પણ અહીં આવતા લોકોની સેવા કરવા મળે છે. એમાં જ મને આનંદ આવે છે.

તુલસી શ્યામ મંદીર પ્રગાઢ જંગલ અને કુદરતી સૌંદર્યના અદભુત નઝારા ઉપરાંત એક અનોખી પર્યાવરણીય ઘટનાનું સાક્ષી પણ છે. વિશાલની ચાની હોટલથી માંડ સો-એક મીટર દૂર ધારી બાજુ જવાના માર્ગે ૨૦૦ મીટરનો 'એન્ટી ગ્રેવીટી' પેચ છે. બહુ ઓછા લોકો એ જાણતા હશે કે, આ જગાએ ગુરૂત્વાકર્ષણની વિરુધ્ધની અસર વર્તાય છે. આ વાત જ્યારે વિશાલે કરી ત્યારે પેલા ભાઈ વધુ ચકીત થઈ ગયા. તેમણે સ્વાનુભવ કરવાનુ નક્કી કર્યું. ત્યાં જઈને એમણે જોયું તો ભાવનગરથી તુલસી શ્યામ ફરવા આવેલા યોગેશ ત્રિવેદી નામના એક સજ્જન આ અખતરો કરતા હતા. એમણે તેમની વેગનઆર કારનું મશીન બંધ કરી દીધું તો પણ એમની કાર લગભગ ૨૦૦ મીટર પાછળ ફોર્સથી રગડવા લાગી. ઢાળ અવળી દિશામાં હતો તો પણ કાર પાછળ રગડતી હતી. આ અજબની ઘટનાનો સાક્ષી બનતા પેલા ભાઈ તો ભાવવિભોર બની ગયાં.

આ ભાઈ અને વિશાલની વાત ઉપરથી વર્ષો પહેલાં બનેલી એક ઘટના યાદ આવે છે. એક આઠ દસ વર્ષની દીકરી એના બે-ત્રણ વર્ષના નાના ભાઈને કાંખમાં લઈને ચાલતી હતી. એક સજ્જને આ દીકરીને કહ્યું 'બેટા, તને ભાર નથી લાગતો ?' ત્યારે આ ટબુકલી દીકરીએ બહુ સુંદર જવાબ આપ્યો 'કાકા આ ભાર થોડો છે આ તો મારો ભાઈ છે.' દીકરીના જવાબમાં ભારોભાર સંવેદનાની ખુમારી ટપકતી હતી. એની આંખો બોલતી હતી કે, ભાઈનો ભાર થોડો લાગે !



## આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

આ બે ઘટનાઓમાં માનવીય સંસ્કારીતા અને સભ્યતાની ખુમારીના દર્શન થાય છે. શિક્ષણવીદ અને ચિંતક સર્વપલ્લી રાધાકૃષ્ણનજી કહે છે કે, માનવી વૈજ્ઞાનિક સંશોધનો કરી ઝાઈડર્સના સહારે આસમાનમાં ઊડતો થઈ ગયો. મધદરીયે જળચરોની જેમ તરતા શીખી ગયો પણ શાણા-સજ્જનની જેમ પૃથ્વી ઉપર ચાલતા નથી શીખી શક્યો. દિવસે દિવસે અંતરની સંવેદનાસભર ખુમારી વધુ દેદિપ્યમાન થવી જોઈએ. પરંતુ વિટંબણા એ છે કે, ટેકનોલોજી વધી એની સાથે સાથે સંવેદનાની ખુમારી ઘટવા લાગી છે. એક ચિંતક તો ત્યાં સુધી કહે છે કે, 'ધીસ ઈઝ ધ એજ ઓફ ગાઈડેડ મિસાઈલ્સ એન્ડ મિસગાઈડેડ મેન.' અર્થાત આજનો યુગ લક્ષ્ય નિર્ધારિત મિસાઈલ અને લક્ષ્યવિહિન માણસોનો બનતો જાય છે.

હૃદયમાં સંસ્કારીતાની ખુમારી હોય ત્યાં દેખાવની આવશ્યકાત જ ન હોય. દેખાડા માટે ઘણી બધી રૂપકડી વાતો હોઈ શકે પણ ભાવનાત્મક ખુમારી ઘટતી જાય એ ન પાલવે. પગમાં કાંટો વાગે તો પણ જો એમ લાગે કે આસપાસ ક્યાંક ગુલાબ હશે તો એ હૃદયની શુદ્ધતાની ખુમારીની ગવાહી છે. કોઈપણ પ્રદેશના લોકોની સાંસ્કૃતિક ખુમારીનો વાસ્તવિક ચિતાર મેળવવો હોય તો એની સાથે બેસીને વાત કરીને અનુભવવી પડે. પુસ્તકો વાંચી, દાર્શનિકોને સાંભળીને કે કોઈને જોઈને ખુમારીને મહેસુસ ન કરી શકાય. સારા સંસ્કારોની શકિત મોલમાં નહીં પરિવારિક માહોલમાંથી જાણી-અનુભવી શકાય. શુન્ય પાલનપુરીએ ફુલોની ખુમારી ઉપર બે લીટીમાં સરસ વાત કરી છે. 'ફુલ હોવાની ખુમારી બહુ મજાની છે મિત્રો, દિન ખુદા એવો ન લાવે કે હું પથ્થર લાગું...'

પરેશાની, તકલીફ અને મુશ્કેલીઓમાં જ સાચી ખુમારીના દર્શન થતાં હોય છે. દુઃખ એટલે ખુમારી બતાવવાનું ઉત્તમ ચોઘડીયું. સાદા શબ્દોમાં કહીએ તો ખુમારી એટલે નશો. ખુમારી એવી હોય કે જેમાં સજ્જનતાની ખુદારીના ખોબલે ખોબલે ઘુંટડા ભરી શકાતા હોવા જોઈએ. ધન, વૈભવ, સત્તા વગેરે તો ખુમારી કરતા વૈચારિક ખુંવારીનાં પ્રકલ્પો બની જતા હોય છે. બક્ષી બાબુના શબ્દોમાં કહીએ તો, 'કેટલાક લોકો એટલા બધા ગરીબ હોય છે કે એમની પાસે માત્ર પૈસા જ હોય છે.' ખુમારીની દોલત તો ખજાનાના વૈભવનું સૌંદર્ય અલગ છે. એની માટે પ્રયાસની નથી કરવો પડતો. એ તો અનુભુતિનો અસબાબ હોય છે.

**ધબકાર :**

**ખુમારી આંતરિક સૌંદર્યનો પડઘો છે એને બહારથી પ્રોત્સાહિત ન કરી શકાય.**